






બંદોબસ્ત ગયો, ગુંડાઓ પર નજર રાખો!
ગ્યા, હા જી હા ના દિ' ગુનાઓ પર નજર રાખો!
નજર રાખવી પડશે પ્રજા સુરક્ષા પર -
દારૂ-ગૌમાંસ હેરાફેર પર નજર રાખો!




અપાવો મુક્તિ-
મેળા-ઉત્સવે, ફીક્ષ
માળખાં માંથી..
(તંત્રનો સર્જનાત્મક ઉપયોગ)

'સ્વયં સ્ફૂરિત'
ઉગે ઉત્સાહ જને -
'નાટક નહીં'
(સ્વયં-જન-પ્રેરિત કાર્યક્રમો)

## ચિંતન

**અયં નિજઃ પરોવેતિ ગણના લઘુ ચેતસામ્ । ઉદાર ચરિતાનાં તુ વસુધૈવ કુટુંબકમ્ ॥**

'આ મારું અને પેલું તારું આવી સંકુચિત બુદ્ધિના વિચાર, સંકુચિત માનસ ધરાવનાર લોકો જ કરે છે પરંતુ વિશાળ હૃદય અને ઉદાર દિલ ધરાવનાર લોકો માટે તો આ આખું ય વિશ્વ એક પરિવાર જ છે.'

આજકાલ વિશ્વ સાવ નાનું થઇ ગયું છે દરેક દેશ પોતાની ખનીજ સંપત્તિ-પેદાશનું મૂલ્ય વધારવાનાં પ્રયત્નમાં હોય એ સ્વાભાવિક હોય-પેટ્રોલ-ડિઝલ-સોનું વગેરે દેશનું મૂલ્ય-સંપત્તિ છે. આ કારણથી સરહદો-સીમા-સંબંધો સળગતાં રહે છે.

રાજયો વચ્ચે પાણીના ઝગડા, પણ નદીમાં તારું-મારું થવાને કારણે જ છે.

કુટુંબ-પરિવારમાં નાની બાબતોમાં પણ તારું-મારું થાય અને હૃદયમાં-તિરાડો ઊભી થાય છે.

તારું-મારુંની સંકુચિત ભાવનાને કારણે કજીયા-કંકાસ થાય છે આ બધું ઇશ્વરે આપેલું છે અને વિશ્વ કુટુંબ માટે છે આપણે શું-કયાં કશું લઇને આવ્યા હતા? નદીનું પાણી મારું શેનું? આકાશ-પૃથ્વીની સરહદ આંકી કોણે?

## સુવિચાર

- મુંઝવણ સાથે દોડવા કરતાં આત્મવિશ્વાસ સાથે ધીમે ધીમે ચાલવું સારૂં **- એસ.ભટ્ટાચાર્ય**
- ભક્ત અને ભગવાનનો એકાકાર એજ ભક્તિની ઉત્તમ અવસ્થા છે **- સંત હરિદાસ**
- ખોટું બોલતાં કોઇને શીખવવું પડતું નથી, વારંવાર શીખવવાં છતાં સત્ય બોલવામાં ઘણી અગવડ-અડચણ લાગે છે **- જ્ઞાનસૂત્ર**
- માત્ર આંખો જ ખૂલે તેને ઉઠ્યા કહેવાય, દૃષ્ટિ ખૂલે તેને જાગ્યા કહેવાય **- મોરારિ બાપુ**
- દેહથી સંસાર છૂટે તો ત્યાગ, દિલથી સંસાર છૂટે તો વૈરાગ **- રાજચંદ્ર**
- જપ, તપ, યજ્ઞ જરૂરથી કરજો... પણ દિલના ખરાભાવથી કરેલી સેવા જ ઉત્તમોત્તમ છે **- રમેશ ઓઝા**
- સમય આપણને મોટા બનાવે છે.. સમજ આપણને મહાન બનાવે છે **- સમયસૂત્ર**

**(સંકલન : દીપક વી. આસરા)**

## બોધ કથા

'ગરીબી' એ કંઇ અભ્યાસ ન કરી શકવાનું સદ્ધર કારણ નથી - મન હોય તો માળવે જવાય -

ઉત્તર-પ્રદેશના અંતરિયાળ પ્રદેશના એક નાનકડાં ગામમાં એક ગરીબ પરિવારનો વિદ્યાર્થી મા-બાપ વિહોણો હતો પણ 'ભણવા'ની લગન હતી એટલી ખેતીમાં મજૂરી કામ કરીને બાજુના શહેરની નિશાળમાં અભ્યાસ માટે જતો. એકાદ પુસ્તક ન હતા. શિક્ષક તેને પુસ્તક વિના આવતો જોઇ દરરોજ સૂચના આપતા-એક દિવસ શનિવારે તો શિક્ષકે સૂચના જ આપી 'હવે જો સોમવારે તારી પાસે પુસ્તક નહીં હોય તો વર્ગમાં બેસવા નહીં મળે.'

વિદ્યાર્થી પાસે એક કોરી નોંધ પોથી હતી. એક મિત્રનું પુસ્તક લઇ રવિવારે રાત-દિ મહેનત કરી એ નોંધપોથીમાં અદલ સારા અક્ષરે પુસ્તકની નકલ કરી નાખી-સોમવારે, વર્ગખંડ પ્રવેશતાં જ શિક્ષકે પુછ્યું - પુસ્તક, દેખાતું તો નથી! વિદ્યાર્થી નોંધપોથી લઇ શિક્ષક પાસે ગયો અદ્દલ પાઠ્યપુસ્તક જેવું જ સુંદર લખાણ અને આબેહૂબ નકલ! જોઇ શિક્ષક દંગ થઇ ગયા.

ગરીબીની વાત જાણી શિક્ષકની આંખ વહીં - મસ્તકે હાથ મૂકી આશીર્વાદ આપ્યા. તારી ખૂબ પ્રગતિ થશે. દેશ તારા પર ગૌરવ લેશે.

... શિક્ષકના સાચા હૃદયના આશીર્વાદ અને વિદ્યાર્થીની લગનથી - એ વિદ્યાર્થી લાલ બહાદુર શાસ્ત્રી થયા.

Email - sureshchandrabhatt18@gmail.com

# આઝાદી પહેલાં સમાજનો જે ઢાંચો હતો એ ઢાંચામાં સહુ સંપીને ઢાંચાને અનુરૂપ સહુ અનુકૂલન સાધીને સંતોષથી જીવતા હતા પરંતુ આઝાદી પછી દેશમાં ધીમે ધીમે સમાજનું વાતાવરણ બદલાઇ ગયું

## ચેતનાનો સમય

**પ્રો. ઈન્દુલાલ ભટ્ટ**

અમે તો સહુ સરખાભાઈ

- મકરંદ દવે

આઝાદી પહેલાં ભાગલા પહેલાનું અખંડ હિન્દુસ્તાન હતું ત્યારે હિન્દુ-મુસ્લિમ વચ્ચે કોઈ ભેદભાવ ના હતો. ખાસ કરીને ગામડામાં ધંધો-વ્યવસાય જ્ઞાતિ અનુસાર જોવામાં આવતો. ગામડામાં લુહારીકામ માટે લુહાર કોમ હતી. સુથારી કામ માટે સુથાર કોમ હતી. હજામત માટે હજામ કોમ હતી. ધંધામાં ખાસ કરીને વાણીયા લોકો હતા. સાધુબાવા સમાજ કોમનું કોમ મંદિરોમાં પૂજારી તરીકેનું હતું. બ્રાહ્મણો હોરપદું કરતા હતાં કે બ્રાહ્મણનો દિકરો માસ્તર બનતો. દાગીના ઘડવાનું કામ સોની કોમ કરતી. મજૂરી કરવાનું કે ખેતીકામ કોળી પટેલ કોમ કરતી હતી. ગામડામાં ઢોર મરી જાય તો તેના ચામડાં પકવવાનું કામ ચમાર લોકો કરતા. લગ્નપ્રસંગે કે એવા કોઈ તહેવાર પ્રસંગે ઢોલીઓ ઢોલ વગાડવાનું કામ કરતા. તેઓ ઢેડ કહેવાતા. (જો કે આઝાદી પછી ચમાર કોમ અને ઢેઢ કહેવાતા લોકોને શીડ્યુલ્ડ કાસ્ટ (એસસી) નામ આપવામાં આવ્યું. ગાંધીજીએ તેઓને હરીજન-સન્માન દાયક નામ આપ્યું. દરબાર - ગરાસીયા લોકોને ગરાસ હતો. ખેતીકામ અને સમાજનું રક્ષણ કરવાની જવાબદારી નિભાવતા. જોગી લોકો ડાકલા વગાડી ભજન કિર્તન ગાતા અને ભૂતપ્રેત કાઢવા ડાકલા વગાડી ધૂણવતા. આમ આઝાદી પહેલાં કોમ પ્રમાણે ધંધો વ્યવસાય થતા અને આઝાદી પહેલાનો આ કોમવાદ વેરઝેર વાળો નહતો. સૌ લોકો તમામ જાતિઓ સંપીને રહેતી ઊંચનીચ જાતિનું વર્ગીકરણ હતું પરંતુ આ બે જાતિઓ વચ્ચે એક પ્રકારનો સૂમેળ હતો. ઊચી જાતિના ગણાતા લોકો નીચ જાતિ પ્રત્યે તીરસ્કારનો ભાવ રાખતા નહતા. બંને કોમો વચ્ચે એક પ્રકારનો એવો સમન્વય અને સૂમેળ હતો કે એકને બીજાની જરૂર રહેતી. પરસ્પર એકબીજાને આધારીત હતી. અછૂત ગણાતી કોમોને અડકી જવાય તો પાણી છાંટીને શુદ્ધ થવાતું. પરંતુ આવી પ્રથાથી અછૂત ગણાતી જાતિ પોતે સામાજિક પ્રથાને અનુકૂળ રહેતી અને પોતાની જાતને અપમાનીત ગણતા નહીં. એક પ્રકારનો સામાજિક ઢાંચો હતો. આ ઢાંતામાં સહુ સંપીને રહેતા. આ ઢાંચાને અનુરૂપ એવું કાવ્ય કવિશ્રી મકરંદ દવે એ રચેલ છે.

'અમે તો સહુ સરખા ભાઈ
કોઈના ઉંચા કે કોઈના નીચા
એક ભલેને બ્રાહ્મણ ને
બીજો છો ચમાર
તોયે અમે હળવું મળશું
હૈયે હાહાકાર
સૌની સાથે રમતા જમતા
વણશું પ્રેમ સગાઈ
એક મેડીએ મહાલે બીજો
ઝુંપડી માંહે બેઠો
ભાઈ ભાઈ વચ્ચે આવો કાં
ભેદ વસમો પેઠો
ભૂંસી વસમો પેઠો
ભૂંસી ભેદ અમે કરીશું
બંધ બધી લડાઈ
અમે તો સૌ સરખા ભાઈ

કવિશ્રી મકરન્દ દવેએ ગરીબ તેમજ સર્વણ લોકો અને પછાત જાતિના લોકો વચ્ચેનો તેમજ જાતિવાદ, ધર્મવાદ, જ્ઞાતિવાદ વચ્ચેનો ભેદભાવ ખત્મ કરવાના આશયથી સમાજમાં ચેતના જગવતો સંદેશો આ કાવ્ય દ્વારા આપવાની કોશીષ કરી છે. બધું તો ઠીકઠીક ચાલતું હતું. સમાજના ઢાંચામાં સહુ ગોઠવાયેલા હતા. પરંતુ કવિશ્રીએ કાવ્યની અંતિમ કડીઓમાં કહ્યું તેમ આ બધું ઠીકઠાક હતું બરાબર ચાલતું હતું ત્યાં ભાઈભાઈ વચ્ચે આવો ભેદભાવ કયાંથી પેઠો. અને આ ભેદભાદ સમાજ માટે વસમો પડયો છે પરંતુ કવિશ્રી કહે છે કે આ ભેદભાવને અમે ભૂંસી નાખીશું અને આ બધી જ્ઞાતિવાદ, ધર્મવાદ, જાતિવાદના ભેદભાવ મીટાવીને બધી લડાઈઓ ખતમ કરીને અમે બધા ભાઈ ભાઈ બનીને સંપીને રહીશું એવો આશાવાદ કવિશ્રીએ કાવ્યની અંતિમ કડીમાં વ્યકત કર્યો છે. કવિશ્રી કહે છે કે, સમાજમાં કોઈ ઊંચા નથી કે કોઈ નીચા નથી. બધા સરખા છે ઊંચનીચ વચ્ચેના ભેદભાવને ભૂલી જઈને કવિશ્રી કહે છે કે અમે ભલે બ્રાહ્મણ હોઈએ કે ચમાર હોઈએ અમે તો સહુ હૈયે હૈયા મિલાવીને પ્રેમથીકોઈ ભેદભાદ વીના હળી મળીશું અને હૈયામાં આનંદ વેરીને હાહાકાર મચાવીશું. સહુ સાથે મળીને સાથે રમીશું અને જમીશું અને પ્રેમની સગાઈ બાંધીશું.

અમે તો આવો જ્ઞાતિવાદનો, ધર્મવાદનો, જાતિવાદનો ઉંચનીચનો અમીર-ગરીબનો સવર્ણ અને પછાત વચ્ચેનો ભેદભાવ ભૂલી જઇને બધી લડાઇ બંધ કરીશું. અમે તો બધાં સરખા ભાઇ બનીને જીવીશું. આ એક સરસ મજાની કવિ હૃદયની કલ્પના છે. આઝાદી પહેલાં સમાજનો જે ઢાંચો હતો એ ઢાંચામાં સહુ સંપીને ઢાંચાને અનુરૂપ સહુ અનુકૂલન સાધીને સંતોષથી જીવતા હતા પરંતુ આઝાદી પછી દેશમાં ધીમે ધીમે સમાજનું વાતાવરણ બદલાઇ ગયું. રાજકારણીઓએ જે જૂનો ઢાંચો હતો અને એ ઢાંચામાં સહુ ગોઠવાયેલાં હતા અને સંપીને રહાત હતા તેને બદલે રાજકારણીઓએ પોતાની મતબેન્ક ઉભી કરવા જ્ઞાતિવાદ, જાતિવાદ ધર્મવાદનું ઝેર ફેલાવીને સમાજને વિભાજીત કરીને જે રાજકીય સ્વાર્થ સાધવાનું વાતાવરણ પેદા કર્યું છે તેના ઉપર કવિશ્રી એક પ્રકારનો કટાક્ષ કર્યો હોય તેમ જણાય છે. વળી ચૂંટણી ટાણે દરેક મત વિસ્તારમાં કઇ જાતિની કઇ જ્ઞાતિની સંખ્યા વધારે છે. તેને આધારે ચૂંટણીમાં ઉમેદવારો પસંદ કરવાનો સીલસીલો ફુલ્યોફાલ્યો છે. ઉમેદવારની જ્ઞાતિ કે જાતિનો આધાર નહિં પરંતુ ઉમેદવારની લાયકાત અને સમાજમાં તેનો માનમરતબો અને સેવાકીય ભાવનાને જોઇને નહિં પણ અમુક જ્ઞાતિ કે જાતિનો હોવાને નાતે અને તેની સંખ્યા વધારે હોવાને નાતે ઉમેદવાર ભલે ગમે તેવો હોય, ગુન્હેગાર હોવા કે લાયક ના હોય છતાં એવો ઉમેદવાર કે જેનો પોતાની જ્ઞાતિ કે જાતિનાં લોકો ઉપર દબદબો હોય અને આવી જ્ઞાતિ કે જાતિના લોકો તેના પ્રભાવ તળે છવાયેલાં હોય મજબુરીમાં દબાયેલા હોય તો તેની મતબેન્ક છલકાવી દે છે. આ રીતે સમાજમાં રાજકારણીઓએ પોતાના મતબેન્કના સ્વાર્થમાં એક પ્રકારનો ભેદભાવ ઉભો કર્યો છે. વળી આવા જાતિવાદ, ધર્મવાદ, જ્ઞાતિવાદના આધારે પસંદ કરેલો ઉમેદવાર ચૂંટણીમાં જીતે તો તેને મંત્રીપદને લાયકના હોય છતાં તેને મંત્રીપદે બેસાડે છે. આ રીતે સત્તાધારી સરકારોમાં આવા કેટલાક મંત્રીઓ જ્ઞાતિ, જાતિ, ધર્મનાં આધારે પસંદ કરાતા હોવાનો માહોલ છે કવિક્ષી આ કાવ્ય દ્વારા જૂના ઢાંચાના વખાણ કરીને નવા ઢાંચામાં સમાજને જે રીતે વિભાજન કર્યું છે તેનું વર્ણન કરતાં કહે છે કે -

ભાઇ-ભાઇ વચ્ચે ભેદ વસમો પેઠો છતાં કવિક્ષી અંતમાં એક આશાવાદ જન્માવતી વાત કરે છે કે અમે આ નવા ભેદભાવ જે રાજકારણીઓએ ઊભા કર્યા છે તેને ભૂંસી નાંખીશું. બધી લડાઇઓ બંધ કરીને અમે બધા સહુ સરખા ભાઇની જેમ જીવીશું આજે તો લઘુમતી કોમનાં મત લૂંટવા રાજકીય પક્ષો લઘુમતી કોમનો ઉદ્ધાર કરવાની હરિફાઇ કરી રહ્યા છે વળી હવે તો કોઇ કોમ પોતાને લઘુમતીમાં ગણવાની માંગણીઓ કરી રહ્યા છે. તે વળી અનામત પ્રથા કે જે આઝાદી બાદ પછાતવર્ગના લોકોના ઉદ્ધાર માટે શરૂ કરાયેલી છે તે અનામતપ્રથમાને રાજકીય સ્વરૂપ આપી કોઇ રાજકીય નેતા અમુક કોમને અનામત પ્રશ્નોનો લાભ આપવાની લડાઇ કરી રહ્યા છે. આમ અનામત પ્રથા તો પછાતવર્ગના લોકોના ઉદ્ધાર માટેની હતી તેનો હવે રાજકીય સ્વાર્થ ખાતર મતબેન્ક ઉભી કરવા રાજકારણીઓ મથી રહ્યાં છે. છતાં કવિશ્રી તેના કાવ્ય દ્વારા એક પ્રકારનો ચેતનાનો સંદેશો આપવા માંગે છે કે જૂના ઢાંચામાં લોકો જે રીતે ગોઠવાયેલા હતા તે ઢાંચાનો રાજકારણીઓએ પોતાના સ્વાર્થ ખાતર આઝાદી બાદ ઉપયોગ કરીને જૂના ઢાંચામાં ગોઠવાયેલા લોકોને વેરવિખેર કરી સમાજમાં જે રીતે જ્ઞાતિવાદ, ધર્મવાદ, જાતિવાદનું ઝેર ફેલાવ્યું છે તે ઝેરને કવિશ્રી કહે છે કે અમે ખતમ કરીશું અને સહુ ભાઇભાઇની જેમ અમે તો સરખા ભાઇ બનીને જીવીશું. આ છે કવિશ્રીના કાવ્યનો ચેતનાનો સંદેશો.

# ભારતને વાસ્તવિક પરિપ્રેક્ષ્યમાં પ્રજાસત્તાક રાજય તરીકે પુનઃસ્થાપન કરવા અંગે

## માહિતી મંચ

**- ઈન્દ્રવદન માણેકલાલ શાહ**

કોઇ પણ પ્રજાસત્તાક રાજયની સરકારમાં, કોઇ એક વ્યક્તિમાં રાજયની સર્વસત્તાઓનું કેન્દ્રીકરણ કરવામં આવે તો તે રાજય આપખુદશાહી સરમુખત્યારવાદી રાજય કહેવાય. વાસ્તવમાં તો પ્રજાના ચૂંટેલા પ્રતિનિધિઓની બનેલી, રચાયેલી, સ્થાપિત સંસ્થાઓમાં રાજયની સત્તાઓનું વિકેન્દ્રીકરણ કરેલું હોય તો તે રાજય પ્રજાસત્તાક રાજય કહેવાય.

ભારત દેશના સંવિધાનના ઘડવૈયાઓએ ભારતના સંવિધાનના પ્રાસ્તાવિક ભાગમાં સ્પષ્ટપણે નોંધેલું છે કે ભારતને પ્રજાસત્તાક રાજય તરીકે ભારતના લોકોને અર્પિત કરેલુ છે. જે અન્વયે પ્રજાસત્તાક રાજયને અનુરૂપ સંવિધાનથી રચાયેલી, સ્થાપેચી સંસ્થાઓ તેમજ તેમાં રાજયસત્તાના વિકેન્દ્રીકરણની વિગતો નીચે મુજબ છે.

**સંવિધાનથી રચાયેલી સંસ્થાઓ :**

ઉચ્ચત્તમ ન્યાયાલયની સ્થાપના ઉપરાંત પ્રજાના ચૂંટેલા પ્રતિનિધિઓની નીચે જણાવેલ ત્રણ સંસ્થાઓ રચેલી, સ્થાપિત કરેલી છે.

(૧) રાષ્ટ્રપતિ (કલમ પ૨), તેમજ ઉપરાષ્ટ્રપતિ (કલમ - ૬૩)

(૨) વડાપ્રધાનના વડપણવાળું મંત્રીમંડળ (કલમ-૭૪)

(૩) રાષ્ટ્રપતિ, રાજયસભા અને લોકસભા એમ ત્રણ ઘટકો વાળી સંસદ (કલમ-૭૯)

ત્રણ ઘટકો વાળી સંસદ (કલમ ૭૯)



**● રાજયની સત્તાના વિકેન્દ્રીકરણ અંગે :-**

Executive power of the Union - સંઘની કારોબારી સત્તા એટલે કે કાયદાનો અમલ અને સંઘના અધિકારીઓની નિમણૂંકોની સત્તા રાષ્ટ્રપતિમાં નિહિત થયેલી છે. (કલમ પ૩) અને રાષ્ટ્રપતિએ તેમના હોદ્દાની રૂએ કરવાનાં બધાં કામો તેમજ ફરજો અદા કરવા માટે રાષ્ટ્રપતિને સહાય કરવા સારૂં અને સલાહ આપવાને સારૂ વડાપ્રધાન જેવા વહા હોય તેવું મંત્રીમંડળ રચવાની જોગવાઇ કરેલી છે. (કલમ ૭૪)

આમ સંઘની કારોબારી (Executive) સત્તાનું રાષ્ટ્રપતિ અને વડાપ્રધાનના વડપણવાળું મંત્રીમંડળ એમ બે સંસ્થાઓમાં વિકેન્દ્રીકરણ કરેલું છે.

અત્રે એ નોંધવું ઉચિત ગણાશે કે બ્રિટનમાં રાજા સલાહ આપે છે અને મંત્રીમંડળ નિર્ણય લે છે. પરંતુ બ્રિટનની પ્રજાનો તેઓના રાજા પ્રત્યેનો પ્રેમ, આદર અને માનને કારણે રાજાનો જે પ્રભાવ છે તેને કરાણે રાજાની સલાહને મહત્તમ અગત્ય આપવામાં આવે છે, જેને કારણે મંત્રીમંડળની મિટીંગની પૂર્વે રાજા અને પ્રધાનમંત્રીની બેઠકમાં વિષયની પુરી ચર્ચા કરી તેનો ઉકેલ આણ્યા બાદ તે મંત્રીમંડળમાં રજૂ થાય છે, જેના ઉપર ચર્ચા કરી મંત્રીમંડળ નિર્ણય લે છે.

આની સામે ભારતના સંવિધાનની જોગવાઇ મુજબ મંત્રીમંડળ સલાહ આપે છે અને રાષ્ટ્રપતિ નિર્ણય લે છે.

ધારાકીય કાર્યરીતિ :

સંસદના બંને ગૃહો બહુમતિથી વિધેયક પસાર કરે ત્યારબાદ તે રાષ્ટ્રપતિ સમક્ષ રજૂ કરેથી રાષ્ટ્રપતિ તેને અનુમતિ આપે અગર તો અનુમતિ આપવાનું રોકી રાખે. પરંતુ જો રાષ્ટ્રપતિ કોઇ નિર્દિષ્ટ કરેલી જોગવાઇઓની પુનવિરચારણા માટે ગૃહોને પાછું મોકલે તે, પુનર્વિચારણા બાદ બંને ગૃહોએ પસાર કરેલાં વિધેયકને રાષ્ટ્રપતિ સમક્ષ રજૂ કરેથી, (ત્યારબાદ) રાષ્ટ્રપતિ તેને અનુમતિ આપવાનું રોકી શકે નહીં. (કમલ ૧૧૧)

આમ કાયદો કરવાની સત્તાનું રાષ્ટ્રપતિ, રાજયસભા અને લોકસભામાં વિકેન્દ્રીકરણ કરેલું છે.

**● ભારતના રાષ્ટ્રપતિ એક શક્તિશાળી રાષ્ટ્રપતિ :**

આ નોંધમાં આગળ જણાવ્યું છે તે મુજબ સંઘની કારોબારી સત્તા રાષ્ટ્રપતિમાં નિહિત થયેલી છે અને સંસદના બંને ગૃહોએ બહુમતિથી પસાર કરેલા વિધેયકને અનુમતિ આપવાનું રોકી શકે છે.

વળી સંઘના કામકાજના વહીવટ તથા કાયદા કરવા માટેની દરખાસ્તો સંબંધે, મંત્રીમંડળના તમામ નિર્ણયોની રાષ્ટ્રપતિને જાણ કરવાની અને તે અંગે રાષ્ટ્રપતિ માગે તે માહિતી પુરી પાડવાની વડાપ્રધાનની ફરજો ઠરાવેલી છે. (કલમ ૭૮) અને સંસદના વિચારણા માટે બાકી હોય તેવા વિધેયક અને અન્ય બાબત અંગે રાષ્ટ્રપતિને ગૃહોને સંબોધવાનો અને સંદેશો મોકલવાનો હક્ક આપેલો છે. (કલમ ૮૬) તેમજ રાષ્ટ્રપતિએ લેવાના શપથ અથવા પ્રતિજ્ઞામાં રાષ્ટ્રપતિ તેઓનાં હોદ્દાની ફરજો નિષ્ઠાપૂર્વક અદા કરશે અને તેઓ તેઓની પૂરી શક્તિથી સંવિધાન અને કાયદાની જાળવણી રક્ષણ અને બચાવ કરશે એવી જોગવાઇઓ કરેલ છે જ (કલમ ૬૦)

ઉપરોક્ત જોગવાઇઓ સ્પષ્ટપણે દર્શાવે છે કે ભારતના રાષ્ટ્રપતિ, કામકાજના વહીવટ અને કાયદા કરવા માટેની પ્રક્રિયામાં તેમજ નિર્ણયો લેવામાં, ગાઢ રીતે સંકળાયેલા છે. મતલબ કે, ભારતના સંવિદાનના ઘડવૈયૈઓએ ભારતના રાષ્ટ્રપતિને એક શક્તિશાળી રાષ્ટ્રપતિ તરીકે બનાવાયેલા સ્થાપિત કરેલા છે.

**● સંવિધાનમાં સુધારા કરી રાષ્ટ્રપતિની સત્તાઓ છીનવી લેવા અંગે**

સંવિધાનની કલમ ૭૪માં સુધારાઓ કરી જોગવાઇ કરવામાં આવી છે કે રાષ્ટ્રપતિ પોતાના કર્તવ્યો અદા કરતી વખતે વડાપ્રધાન જેના વડા હોય તેવા મંત્રીમંડળની સલાહને અનુસરીને કાર્ય કરશે. પરંતુ રાષ્ટ્રપતિ એવી સલાહની સામાન્ય રીતે અન્યથા ફેર વિચારણા કરવા મંત્રીમંડળને કહી શકશે અને એવી ફેર વિચારણા પછી અપાયેલી સલાહ પ્રમાણે રાષ્ટ્રપતિ કાર્ય કરશે.

વિશેષમાં સ્પષ્ટકા કરવાની કે સંવિધાનમાં સુધારાઓ કરવા બાબતની સંવિધાનની કલમ ૩૬૮માં સુધારા કરી તેના પરિચ્છેદ (૨) માં જોગવાઇ કરવામાં આવી છે કે સંવિધાનનો કોઇ પણ સુધારો તે હેતુ માટેના વિધેયકને દરેક ગૃહમાં તે ગૃહજા કુલ સભ્ય-સંખ્યાની બહુમતીથી અને તે ગૃહના હાજર રહીને મત આપનારાઓની ઓછામાં ઓછા બે તૃતીયાંસ સભ્યોની બહુમતીથી તે વિધેયક પસાર થાય ત્યારે રાષ્ટ્રપતિ સમક્ષ તે રજૂ કરવું જોઇએ અને તેઓ તે વિધેયકને પોતાની અનુમતિ આપશે.

(અનુસંધાન પાના નં. ૬ પર)

# જો તમને આંખ વાંચતાં આવડતી હોય તો વ્યક્તિનું મન પણ આસાનીથી કળી શકો છો

## વિચારયાત્રા

**- ડૉ. જય ઓઝા**

## અસલી નકલી ચહેરા!

ચહેરાના હાવભાવને સમજવા માત્ર ૧૦૦ મિલિસેકન્ડ્સ લાગે. દરેક ચહેરાનું એક કેરેક્ટર હોય છે. રાહુલબાબા કંઈ બોલે એ પહેલાં જ લોકો સમજી જાય કે બાબલો શું બાફશે! કેજરીવાલનો ચહેરો જોયો છે બારીકીથી? એનો કન્ફ્યુઝડ આત્મા ચહેરા પર પ્રગટ થયા વિના રહેતો નથી. મર્દાના મોદી, મિયાં ફુસકી મનમોહન, માયાવી માયાવતી, જોશીલી જયલલિતા, માથાભારે મમતા કે ડીડી (ડબલઢોલકી) દિગ્ગીનાં લેબલ કંઈ એમ જ થોડાં લાગે? આંખમાં એવું ટેલિગ્રાફિક મશીન ફિટ થયેલું છે જે બેવફાઈ, લુચ્ચાઈ, છળકપટ, શુદ્ધ પ્રેમ, અનુકંપા જેવા અનેક ભાવને બરાબર વ્યક્ત કરે છે

કહેવાય છે કે ચહેરો એક હજાર શબ્દો કહી દે છે. આ ચૂંટણીમાં જ તમે ના જોયું અસલી-નકલી ચહેરાનું નાટક? અસલી ચહેરા સામે આવ્યા અને નકલી ચહેરા બેનકાબ થયા. દરેક ચહેરાનું એક કેરેક્ટર, એક ભાષા હોય છે, બસ, એ પહેચાનવાની દૃષ્ટિ હોવી જરૂરી. ચહેરો વાંચતાં આવડે તો સામેની વ્યકિતનો સ્વભાવ, તેના પ્રતિભાવ બધું આસાનીથી સમજી શકાય. આપણા આ રાહુલબાબા કંઈ બોલે એ પહેલાં જ લોકો સમજી જાય કે બાબલો શું બાફશે! કેજરીવાલનો ચહેરો જોયો છે બારીકીથી? એનો કન્ફ્યુઝડ આત્મા ચહેરા પર પણ પ્રગટ થયા વિના રહેતો નથી. મર્દાના મોદી, મિયાં ફુસકી મનમોહન, માયાવી માયાવતી, જોશીલી જયલલિતા અને માથાભારે મમતા કે ડબલઢોલકી દિગ્ગીનાં લેબલ કંઈ એમ જ થોડાં લાગે? આ વિશેષણો તેમનાં ચહેરા અને સમગ્ર વ્યક્તિત્વને અનુલઘીને જ અપાયાં છેને! એટલે જ સંશોધકો કહે છે કે ફોટોગ્રાફ કરતાં ફેશિયલ એક્સપ્રેશન્સ એ માણસની ઘણી બધી અસલિયત છતી કરી દે છે. ચહેરાના હાવભાવને સમજવા માટે માત્ર ૧૦૦ મિલિસેકન્ડ્સની જરૂર પડે છે, આમ છતાં એક હકીકત એ પણ છે કે તમારું હૃદય ખરેખર જે અનુભવતું હોય એ છુપાવવાનું મહોરું પણ માણસ પહેરી શકે છે. તેથી જ સૌથી ખુશહાલ દેખાતો ચહેરો ભગ્ન હૃદયનું મહોરું પહેરીને બેઠો હોય એમ પણ બને. દિલ કો દેખો ચહેરા ન દેખો, ચહેરેને લાખોં કો લૂટા, દિલ સચ્ચા ઔર ચહેરા જૂઠા...! ગીતના શબ્દો કંઈક આવું જ કહે છે. લાખ છુપાઓ છુપ ન સકેગા રાઝ યે દિલ કા ગેહરા, દિલ કી બાત બતા દેતા હૈ અસલી નકલી ચહેરા, જબ ભી જી ચાહે નઈ દુનિયા બસા લેતે હૈં લોગ, એક ચહેરે પે કઈ ચહેરે લગા લેતેં હૈ લોગ! જેવાં ગીતો ચહેરા પર દંભનું મહોરું પહેરીને ફરનારા માટે જ લખાયાં હશે! તો બીજી તરફ, ચહેરે પે ખુશી છા જાતી હૈ, આંખો મેં ગુરુર આ જાતા હૈ, તેરે ચહેરે સે નઝર નહીં હટતી, ચહેરા હૈ યા ચાંદ ખિલા હૈ જેવાં ગીત આનંદની અનુભૂતિનાં ગીત છે, જેનાં દ્વારા પરોઘા રીતે એમ કહેવાયું છે કે આંખો એ હૃદયનું દ્વાર છે. મનુષ્યની મનઃસ્થિતિને એ બરાબર વ્યક્ત કરે છે. આંખમાં એવું ટેલિગ્રાફિક સાધન ફિટ થયેલું હોય છે જે બેવફાઈ, લુચ્ચાઈ, છળકપટ, શુદ્ધ પ્રેમ, અનુકંપા, ભક્તિ, હતાશા, ઉદાસી, નફરત, આનંદ, શાંતિ, સંવાદિતા, સત્તા, શક્તિ અને સૌંદર્ય જેવા ભાવને બરાબર વ્યક્ત કરે છે. જો તમને આંખ વાંચતાં આવડતી હોય તો વ્યક્તિનું મન પણ આસાનીથી કળી શકો છો. ચહેરાના સંકેતો જાણવા જરૂર છે માત્ર બારીક નિરીઘાણ શક્તિની. અનુભવ અને સૂઘમ બુદ્ધિઘામતાથી જાણી શકાય છે. ચહેરો એ જાહેરખબરનું ડિસ્પ્લે બોર્ડ છે જયાં તમારા મનની કહાની તાદશ થઈ જાય છે. એટલે જ ચહેરો એ ફેઈથફૂલ રેકોર્ડર કહેવાય છે.

અસલિયતની જ વાત નીકળી છે તો આ ચહેરા પર મહોરું ચડાવી દેવું પણ કેટલાક લોકો માટે બહુ આસાન હોય છે. ચહેરાની આ અસલિયતને પહેચાનવા માટે તાજેતરમાં એક રસપ્રદ સર્વેઘાણ થયું હતું. એમાંથી તારણ નીકળ્યું હતું કે માત્ર આંખો, ભ્રમરો કે ફૂંગરેલું લાંબું નાક જ નહીં, તમારો આખો ચહેરો જ કહી આપે કે તમે જૂઠું બોલો છો કે સાચું. ડેલહાઉસી યુનિવર્સિટીની ફોરેન્સિક સાયકોલોજી લૅબ દ્વારા આ વિશે વિસ્તૃત સર્વેક્ષણ કરવામાં આવ્યું હતું. સર્વેઘાણમાં જણાવ્યા મુજબ જે લોકોના ચહેરા પર બહુ બધી લાગણીઓ એકસાથે વ્યક્ત થતી હોય ત્યારે એમનો ચહેરો કશુંક સત્ય કહી જતો હોય છે. ચંચળ કે યુક્તિબાજ આંખો કે પરસેવાવાળી ભ્રમરોને બદલે તેમના હાવભાવ જ ચહેરા પરના આનંદ, દુખ, ત્રાસ કે ડરની લાગણી વ્યક્ત કરે છે.

મુંબઈની લોકલ ટ્રેનની એક મહિલા ટી.સી.એ આ સર્વેઘાણને બહાલી આપતાં એક સાચું નિરીક્ષણ રજૂ કર્યું હતું કે જયારે ટિકિટ ચેક કરવા તે ટ્રેનના ડબ્બામાં ચડે ત્યારે જેની પાસે ટિકિટ ન હોય કે ફર્સ્ટકલાસનો પાસ ન હોય એના ચહેરા પરના હાવભાવ જ બદલાઈ જાય. એ બદલાયેલા-જૂઠા હાવભાવ જ ખુદાબઘાને આસાનીથી પકડાવી શકે છે, સિવાય કે એ વ્યક્તિ સ્માર્ટ લાયર કે જન્મજાત જૂઠી હોય!

આપણા ચહેરાના સ્નાયુઓ શરીરના અન્ય ભાગ કરતાં ખૂબ વધારે જટિલ હોય છે. એમ આ સંશોધન સાથે સંકળાયલો એક ગ્રેજયુએટ વિદ્યાર્થી લિયાની ટેન બ્રિન્ક કહે છે. ચહેરા પર કેટલાક એવા સ્નાયુઓ છે જેમના પર તમારો કાબૂ હોતો નથી. આશ્ર્ચર્યજનક હકીકત એ છે કે સાચી લાગણીઓની ગેરહાજરીમાં આ સ્નાયુઓ કાર્યરત થતા નથી, પરંતુ જૂઠું બોલો તો એ તરત એક્ટિવ થઈ જાય. એમાં તમે કંઈ ન કરી શકો.

જો કોઈ વ્યક્તિ ખરેખર કોઈ એવું જુટ્ઠાણું ચલાવતી હોય કે જેનાં પરિણામો આજીવન કેદ જેવાં ભયંકર આવતાં હોય તો જુટ્ઠાણું પકડાઈ જ જવાનું. કારણ કે બૉડી લેન્ગ્વેજની જેમ જ તમારા ચહેરાની દેખરેખ કે એ હાવભાવને તમે સંપૂર્ણપણે નિયંત્રિત કરી શકો જ નહીં. તમારા ચહેરા પર શું દેખાઈ રહ્યું છે એની તમને જ ખબર હોતી નથી. આ સંશોધનમાં માણસની કેટલીક દબાયેલી લાગણીઓ કેવી રીતે અજાણતાં વ્યક્ત થઈ જાય છે એની વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. એમ અન્ય સંશોધક ડૉ. પોર્ટરે જણાવ્યું હતું.

આ સંશોધનમાં સંશોધકોએ ભાગ લેનાર પુખ્તોને આનંદદાયક લાગણીઓથી લઈને ભયાવહ લાગણીઓની આકૃતિઓ બતાવી હતી. જેમકે હસતું ખેલતું ગલૂડિયું (આનંદની લાગણી), મોં ફાડીને ભેલો હડકાયો કૂતરો (ડર) કે પછી વિચ્છેદ પામેલો હાથ (સૂગ ચડાવે એવી લાગણી).

(અનુસંધાન પાના નં. ૬ પર)